## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો, મેં મોબાઈલમાં વાંચ્યું કે, ‘નહાવાથી અનેક ફાયદા થાય છે..’ એ અફવા છે...!!!

## વાત-વાતમાં.....

- આનંદો...!!! ગાંધીનગરની આબોહવા માનવીના હાડકાં અને ફેફસાં મજબૂત કરે તેવી અને તેની જમીન-પાણીમાં જે ખનીજો છે તેનાથી માનવી સો વર્ષથી ઉપરનું આયુષ્ય ભોગવે છે તેવું બીબીસીના ન્યુઝ સર્વેમાં સિદ્ધ થઈ ચુક્યું છે. આ પ્રકારની વાત છેલ્લાં બે દિવસથી સોશ્યલ મિડીયામાં ખૂબ વાઈરલ થઈ છે જે સાચી છે કે ખોટી તે તો રામ જાણે..!!
- શહેરમાં ધીમે ધીમે ઉત્તરાયણનું આગમન થઈ રહ્યું છે અને તે સાથે જ શહેરના માર્ગો પર ટુ વ્હિલર ચાલકો માટે દોરીથી બચવા સેફ્ટીગાર્ડ પણ મળતાં થઈ ગયાં છે. આ સાથે સોશ્યલ મિડીયા પર પણ ઉત્તરાયણ સુધી ટુ-વ્હિલર પર આગળના ભાગે બાળકોને ના બેસાડવા તથા પતંગની દોરીથી સુરક્ષિત રહેવા સેફ્ટી ગાર્ડ લગાડવા અથવા મફલર, રૂમાલ જેવું કપડાં ગળે બાંધવા ચેતવણી આપતા મેસેજ પણ વાઈરલ થઈ રહ્યાં છે.
- શહેરના હાર્દ સમાન ઘ-૪ સર્કલે અન્ડરપાસ બનાવવાનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે તેના ખોદકામ દરમ્યાન કોઈ ઐતિહાસિક ચીજવસ્તુ મળી હોવાની વાત પણ શહેરના સોશ્યલ મિડીયામાં વહેતી થઈ હતી. જો કે આ લખાય છે ત્યાં સુધી આ બાબતે કોઈ સત્તાવાર સમાચાર પ્રાપ્ત થયાં નથી.

### તસ્કરોનો ઠઠારો ચર્ચાનો વિષય બન્યો

# આઠ લાખની કારમાં આવ્યા, ૨.૪૪ લાખની ઘરફોડ કરી..!!!

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં ઘરફોડ ચોરીના કિસ્સા અટકાવવાનું તો નામ લેતા નથી પરંતુ હવે તો ધોળા દિવસે પણ ઘરફોડ ચોરીઓ શરૂ થઈ જવા પામી છે. શહેરના સરગાસણ ચાર રસ્તા નજીક વાસણા હડમતીયા ખાતે આવેલ સાયોના હાઈટ્સ ફલેટમાંથી લકઝુરિયસ કારમાં આવેલા પાંચ તસ્કરોએ હાથફેરો કરી ૧ લાખ રોકડા સાથે સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૨.૪૪ લાખની ચોરીને અંજામ આપ્યો હતો. વાસણા હડમતીયા ખાતેના સાયોના હાઈટ્સમાં ફલેટ નં. બી-૩૦૪ ખાતે રહેતા સે. ૧૧ની પોસ્ટઓફિસના કર્મચારી મિતેષ પ્રજાપતિના ઘરનો નકુચો તોડીને પાંચ જેટલા તસ્કરોએ રૂપિયા એક લાખ રોકડા અને સોના-ચાંદીના દાગીના મળીને રૂ. ૨.૪૪,૭૦૦ની મત્તાની ચોરી કરી હતી. મિતેષભાઈ પ્રજાપતિ જ્યારે નોકરી પર હતા ત્યારે તેમના પત્નિ મનિષાબેન એપોલો હોસ્પિટલ ગયા હતા આ પછી તેમના માતા બપોરે સવા બે વાગે હડમતીયા મંદિર ખાતે આયોજિત ધાર્મિક કથા સાંભળવા ગયા હતા. આ દરમ્યાન રૂ. ૮ લાખની આઈ-૨૦ લક્ઝ્યુરિયસ કારમાં આવેલા પાંચ જેટલા તસ્કરોએ તેમના ઘરનો નકુચો તોડી ચોરીને અંજામ આપ્યો હતો. સાંજે સવા પાંચ વાગે જ્યારે પડોશમાં રહેતા મિતેષભાઈના નાનાભાઈના પત્નિ ઘરે બેસવા આવ્યાં ત્યારે ચોરી થયાનું ધ્યાને આવ્યુ હતુ. જેમણે જાણ કરતા ફરિયાદી ઘરે દોડી આવ્યા હતા અને તપાસ કરતા ઘરમાં રાખેલા રૂ. ૧ લાખ રોકડા અને ૧.૪૪ લાખના સોના-ચાંદીના દાગીના ગુમ હતા. આ ઘટનાને પગલે ફરિયાદ નોંધી સે. ૭ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ‘સલામત સવારી એસ ટી અમારી’ સૂત્ર ગાંધીનગર ડેપોમાં સાર્થક

**ગાંધીનગર એસ ટી ડેપોના ડ્રાયવર કંડકટર એસો.ને નિગમે ૨૫ હજારનુ ઈનામ એનાયત કર્યુ : છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર ડેપોની બસને ચાર અકસ્માત નડયા પણ ફેટલ નહીં**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી નથી અલબત્ત એસ ટી ડેપો સંકુલમાં જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતા હોવાની ફરિયાદો રોજીંદી બની છે. પરંતુ એસ ટી ની સવારી સાચા અર્થમાં મુસાફરો માટે સલામત પુરવાર થઈ છે. વર્ષ દરમિયાન ગાંધીનગર ડેપોની એક પણ બસને ફેટલ અકસ્માત નડયો નથી એક વર્ષમાં ડેપોની બસના ચાર નજીવા અકસ્માત થયા છે. એસ ટી નિગમે પણ નો ફેટલ અકસ્માતને ધ્યાને લઈ ડેપોના ડ્રાઈવર કંડકટર એસોસિએશનને રૂ ૨૫ હજારનુ ઈનામ એનાયત કર્યુ છે. સલામત સવારી એસ ટી અમારી ..

ગાંધીનગર ડેપોમાં ભલે મુસાફરોની સલામતી રામભરોસે હોય પરંતુ એસ ટી ની સલામત સવારીમાં અપડાઉનકર્તાઓ અને મુસાફરો ખરેખર સલામત છે. તેમ માની શકાય તેવુ પ્રમાણ પણ વર્ષના અંતે મળ્યુ છે. ગાંધીનગર એસ ટી ડેપોની સલામત સવારી વારંવાર ખોટવાતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. પરંતુ એસ ટી બસ મુસાફરો માટે સલામત છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં ગાંધીનગર એસ ટી બસોએ વર્ષ દરમિયાન મોટુ અંતર કાપ્યુ છે. શહેરી બસ સેવામાં અંતર્ગત ગાંધીનગર એસ ટી ની બસો વર્ષ દરમિયાન લાખો કીલોમીટરનુ અંતર કાપે છે. જયારે ડેપો મેનેજરના જણાંવ્યા મુજબ ગાંધીનગર એસ ટી ની ૧૦૪ બસો પ્રતિદિન ૩૨ હજાર કી મીનુ અંતર કાપે છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી આ અન્વયે ૧૨૬૩ ટ્રીપોનુ સંચાલન કરવામાં આવે છે. વર્ષ દરમિયાન એસ ટી ડેપોની આ બસોના સંચાલન દરમિયાન એક પણ ફેટલ અકસ્માત થયો નથી જો કે વર્ષ દરમિયાન ગાંધીનગર ડેપો સંચાલિત બસોએ પૈડા પર હોય તેવા સંજોગોમાં ચાર અકસ્માત થયા છે. પરંતુ આ અકસ્માતો પૈકી એક પણ ફેટલ અકસ્માત થયો નથી. જેના લીધે સલામત સવારી એસ ટી અમારી નુ સ્લોગન પણ સાર્થક થયુ છે. ગાંધીનગર ડેપોમાં મુસાફરોની સલામતી સામે અનેક સવાલો મંડરાયેલા છે. પરંતુ પૈડા પર દોડતી એસ ટી બસ અન્ય ખાનગી વાહનોની સાપેક્ષમાં સાચા અર્થમાં સલામત પુરવાર થતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે વર્ષ દરમિયાન એક પણ ફેટલ અકસ્માત થયો નથી જેના લીધે એસ ટી નિગમે ગાંધીનગર ડેપોના ડ્રાઈવર કંડકટર એસોસિએશનને રૂ ૨૫ હજારનુ ઈનામ એનાયત કર્યુ છે.

## ખૂણેખાંચરેથી

- અન્ન દાતાર ટેકરી રામજી મંદિર સેવાશ્રમ સાદરા દ્વારા ભવ્ય રામજી મંદિરનું નિર્માણ કાર્ય થનાર છે.
- ગાંધીનગરના જુના સેક્ટરોમાં રિનોવેટ થયેલા રંગમંચોની સફાઈ ફરીથી વિવાદ ઉભો થયો છે.
- સે. ૩ સહિત ઘણા બધા વિસ્તારોમાં ડોર ટુ ડોર કલેક્શન માટે આંતરે દિવસે વાહન જતુ હોવાનુ વસાહતીઓએ કહ્યુ હતુ.
- કોંગી કાઉન્સીલર જયરાજસિંહ તેમના મિત્રોને આજે કોર્પોરેશન સંકુલ બતાવવા લઈને આવ્યા હતા.
- પાટીદાર ગ્લોબલ બિઝનેશ સમીટ પછી હવે એક્ઝીબીશન સેન્ટરમાં ગુજરાત જ્વેલર્સ શો નું આયોજન ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન કરવામાં આવ્યુ છે.
- રાજ્યના મુખ્ય સચિવ આજે સ્વચ્છતા સંદર્ભે ગ્રામીણ વિસ્તારોમાં રહી ગયેલા લાભાર્થીઓ માટે ચાલી રહેલ શૌચાલય નિર્માણની વિડીયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરશે.

# વિવિધ સેક્ટર્સમાંથી ડસ્ટબીન હટાવાતાં શહેર ગંદકીના હવાલે

**તંત્ર દ્વારા શહેરભરમાંથી ઉઠાવી લેવાયેલા ડસ્ટબીન પછી સે. ૨૪ સહિતના વિસ્તારોમાં ખડકાયેલા ગંદકીના ઢગલા અંગે કોગી કાઉન્સીલર અંકિત બારોટે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી તાત્કાલિક સફાઈના પગલાં લેવા માંગ કરી**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં માર્કસ વધે તે માટે ડસ્ટબીન ફ્રી સીટી બનાવવા તંત્ર દ્વારા શહેરભરમાંથી ઉઠાવી લેવાયેલા ડસ્ટબીન પછી સે. ૨૪ સહિતના વિસ્તારોમાં ખડકાયેલા ગંદકીના ઢગલા અંગે કોગી કાઉન્સીલર અંકિત બારોટે મ્યુનિ. કમિશ્નરને પત્ર લખી તાત્કાલિક સફાઈના પગલાં લેવા માંગ કરી છે.

અંકિત બારોટે લખેલા પત્રમાં જણાવ્યું છે કે સે. ૨૪ એ સૌથી વધુ વસ્તીની ગીચતા ધરાવતુ સેક્ટર આ નગરનું છે. અહિથી જાહેર ડસ્ટબીન હટાવાતા ગંદકીના હવાલે આખુ સેક્ટર બની ગયુ છે અને ગંદકીના પ્રશ્નોને લઈ આરોગ્યના પણ પ્રશ્નો ઉભા થાયતેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

બારોટે તેમના આ પત્રમાં સેક્ટરોના અંદર જઈ તંત્રના અધિકારીઓને ગ્રાઉન્ડ રિપોર્ટ કરે તેવી પણ માંગ કરી છે. તેમણે જણાવ્યુ છે કે સ્વચ્છતા સર્વેક્ષણની ટીમને માત્ર બાહ્ય રોડની સફાઈ બતાવી નંબર લેવાનો હોય તેમ તંત્ર દ્વારા આંતરિક વિસ્તારોમાં સફાઈ માટે ઉદાસીનતા દાખવે તે સાંખી લેવાય નહિ.

બારોટે તેમના આ પત્રમાં સેક્ટરોની આંતરિક સફાઈના મુદ્દે જો તંત્ર પહોંચી શકતુ ના હોય તો ભાડે વાહનો મેળવી અને કચરાનો નિકાલ તાત્કાલિક કરવામાં આવે તેવી માંગ કરી છે.

બીજી તરફ તંત્રએ પણ સ્વચ્છતા સર્વેક્ષણ અંગેની તૈયારીઓમાં ગતિ લાવી દીધી છે.




ઠાકોર અને કોળી ઠાકોર વિકાસ નિગમ દ્વારા શ્રેયા ફાર્મ અડાલજ ખાતે શિબિર યોજાઈ હતી. જેમાં નિગમની યોજનાઓની વિગતવાર માહિતીની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રકાશ મોદી, શકરાજી ઠાકોર, ચેતનજી ઠાકોર, ગુલાબજી ઠાકોર, રસિકજી, રાકેશભાઈ તથા સમાજના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે પુસ્તક વિતરણ

**એસવાયબીએ, બીકોમ, ટીવાયબીએ-બીકોમ તથા એમએ પાર્ટ-૧/૨ના વિદ્યાર્થીઓ માટે ૯મીએ વ્યવસ્થા**

ગાંધીનગર, તા. ૭

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્ર નંબર-૦૫૦૧ સરકારી વિનિયન કોલેજ સે. ૧૫ ગાંધીનગર ખાતે ઓગષ્ટ-૨૦૧૯ના સત્રમાં પ્રવેશ મેળવેલ ફક્ત એસવાયબીએ, બીકોમ, ટીવાયબીએ-બીકોમ તથા એમએ પાર્ટ-૧/૨ના વિદ્યાર્થીઓ માટે તા. ૯ જાન્યુઆરીના રોજ સવારે ૮.૩૦ વાગ્યે પુસ્તક વિતરણ કરવામાં આવશે.

સંસ્થાના કો ઓર્ડીનેટર દ્વારા વિદ્યાર્થીઓને નિર્ધારિત સમયે ઉપસ્થિત રહી પુસ્તકો મેળવી લેવા જણાવાયું છે.

